# એલીસબ્રીજ પોલીસ સ્ટેશન


અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯ – ૨૬૫૭૮૨૦૨

Email ID:- polstn-ellis-ahd@gujarat.gov.in


## PRESS NOTE

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૨૪/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો અન ડિટેક્ટ પર્સ સ્નેચીંગના કામે એક આરોપી પકડી પર્સ સ્નેચીંગ નો ગુનો ડિટેક્ટ કરતી એલીસબ્રીજ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.બી.વિહોલ નાઓ સર્વેલન્સ સ્કોડના હે.કો. રતનસિંહ હિમતસિંહ તથા પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. નરેશભાઈ



ભારમલભાઈ તથા પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ તથા પો.કો. મુળુભાઈ વેજાભાઈ તથા પો.કો. મહેશભાઈ ભગવાનભાઈ તથા પો.કો. રણજીતસિંહ જલુસિંહ નાઓ સાથે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા દરમ્યાનમાં અ.હે.કો. રતનસિંહ હિમતસિંહ તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે એલીસબ્રીજ સ્મશાનગૃહ ની આગળ જાહેર રોડ વોચમાં રહી આરોપી ઈમરાનશા યાસીનશા ફકીર ઉવ.૩૦ ધંધો.નોકરી રહે, મ.ન. ૩૦૧ રીયલ રેસીડેન્સી લકી પાર્ક સોસાયટી દેના બેંકની ગલી વિશાલા સર્કલ જુહાપુરા અમદાવાદ શહેર ની અંગજડતીમાંથી સેમસંગ કંપનીનો એસ-૧૦ મો.ફોન કિ.રૂ. ૨૫,૦૦૦/- તથા એક્ટીવા નં. GJ-01-UB-6269 કિ.રૂ.

૪૦,૦૦૦/- ના મત્તાની કબ્જે કરી આરોપીને પકડી પાડી એલીસબ્રીજ પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં. ૧૨૪/૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો પર્સ સ્નેચીંગનો ગુનો ડિટેક્ટ કરેલ છે. અને આરોપી અગાઉ કારંજ , નવરંગપુરા , વેજલપુર તથા રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ પકડાયેલ છે. અને હાલ આરોપીના નામદાર કોર્ટમાંથી તા. ૧૩/૦૧/૨૦૨૦ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર મેળવી અન્ય કોઈ ગુનગુનાઓ આચરેલ હોય જે સબંધે તપાસ ચાલુ છે. તા. ૧૧/૦૧/૨૦૨૦